| એકમ 4 | ગ્રંથમાળા અને સંઘાત ગ્રંથો |
|---|---|

## રૂપરેખા


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ગ્રંથમાળા હેઠળ પ્રકાશિત પુસ્તકો

4.2.1 કર્તૃત્વની જવાબદારીનું કથન

4.2.2 ગ્રંથમાળાનું અંકન

4.2.3 ગૌણ-ગ્રંથમાળા

4.2.4 ગ્રંથમાળા માહિતીની લેખનપદ્ધતિ

4.3 ગ્રંથમાળાનાં ઉદાહરણો

4.4 સંઘાત ગ્રંથો

4.4.1 સંઘાત ગ્રંથોમાં વર્ણનાત્મક તત્ત્વ

4.4.2 શીર્ષક

4.4.3 પૃષ્ઠાંકન

4.4,4 પ્રકાશન વર્ષ

4.4.5 ખંડોનું કદ

4.5 સંઘાત ગ્રંથોનાં ઉદાહરણો

4.6 સારાંશ

4.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

4.8 ચાવીરૂપ શબ્દો

4.9 સંદર્ભો અને વિશેષ વાંચન


## 4.0 ઉદ્દેશો (Objectives)

આ એકમમાં નીચે મુજબના ઉદ્દેશો રહેલ છે :

- આ એકમમાં ગ્રંથમાળા હેઠળ પ્રકાશિત પુસ્તકોથી જાણકાર થશો.
- ગ્રંથમાળાનાં ઉદાહરણોથી પરિચિત થશો.
- સંઘાત ગ્રંથો અને સંઘાત ગ્રંથોનાં ઉદાહરણોની વિસ્તૃત માહિતી મેળવશો.

## 4.1 પ્રસ્તાવના (Introduction)

આપણે વ્યક્તિકર્તા, સહકર્તા અને સંપાદકીય નિર્દેશન હેઠળની કૃતિઓનાં સૂચિકરણની ચર્ચા કરી છે. આ પ્રકરણમાં આપણે ગ્રંથમાળા અને સંઘાત ગ્રંથો (Multi volume)ના સૂચિકરણની ચર્ચા કરીશું. કારણ કે ગ્રંથાલયમાં ઘણીવાર વાચકો દ્વારા ગ્રંથમાળા હેઠળ પુસ્તકોની માંગ કરવામાં આવે છે. આથી વાચકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિભિન્ન પ્રકારના સૂચિ સંલેખોની આવશ્યક્તા રહે છે. આજ પ્રમાણે ઘણીવાર પુસ્તકોનાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને તેનો એક જ ખંડમાં (volume) સમાવેશ કરવો મુશ્કેલ બને છે. આવા સંજોગોમાં એકથી વધુ ખંડો (volume)માં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવે છે. આ પ્રકારના પુસ્તકોના સૂચિસંલેખો વિશે પણ આપણે આ પ્રકરણમાં ચર્ચા કરીશું.

## 4.2. ગ્રંથમાળા હેઠળ પ્રકાશિત પુસ્તકો (Books published under series)

અનેક વિદ્વત સંસ્થાઓ જ્યારે પોતાના સમાધિકાર હેઠળ પુસ્તકોનું પ્રકાશન કરે છે ત્યારે તેઓ પોતાના પ્રકાશનોને ક્યારેક એક સર્વસામાન્ય નામ આપે છે. કેટલીક વ્યાપારિક એજન્સીઓ પણ પોતાનાં કેટલાંક પ્રકાશનોને એક ખાસ નામ હેઠળ પ્રકાશિત કરે છે, જેને સામાન્ય રીતે ગ્રંથમાળા કહેવામાં આવે છે. જે સામાન્યતઃ વિષય અથવા સ્વરૂપ સાથે સંબંધિત હોય છે, અને ક્રમિક રીતે પ્રકાશિત કરવામાં આવે છે. જે તે ગ્રંથમાળા સામાન્યતઃ એક જ પ્રકાશક અથવા સંસ્થા દ્વારા સમાન પદ્ધતિથી સંયુક્ત આખ્યા (Common Title) હેઠળ પ્રકાશિત કરવામાં આવે છે.

AACR-2R મુજબ ગ્રંથમાળાને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.

"એક બીજા સાથે સંબંધિત સ્વતંત્ર વસ્તુઓનો એક સમૂહ કે જે પોતાની મૂળ આખ્યા ઉપરાંત સમગ્ર સમૂહને લાગુ પડતી સંયુક્ત આખ્યા ધરાવે છે. વ્યક્તિગત વસ્તુઓનું સંખ્યાંકન કરવામાં આવ્યું હોય કે ન પણ કરવામાં આવ્યું હોય."

### 4.2.1 કર્તૃત્વની જવાબદારીનું કથન (Statement of Responsibility)

જ્યારે કોઈ સંસ્થા અથવા સંગઠન ગ્રંથમાળાનો પ્રારંભ કરે છે ત્યારે તે પ્રકાશન કાર્યની દેખરેખ માટે એક અથવા વધુ વ્યક્તિઓને અથવા સંસ્થાઓને જવાબદારી સોંપે છે. તેઓ ગ્રંથમાળાના સંપાદનને સમાવિષ્ટ કાર્યો સંપન્ન કરે છે. અર્થાત્ તેઓ સંપાદકની ભૂમિકા ભજવે છે. પરંતુ AACR-2R આવા સંપાદકોને મહત્ત્વ આપતું નથી. અર્થાત્ અહીં સંપાદકના નામનો મુખ્ય સંલેખ બનાવવામાં આવતો નથી. જો કે ગ્રંથમાળા એક તત્ત્વ છે. આથી ગ્રંથમાળા (Series)ના નામનો પણ મુખ્ય સંલેખ બનાવવામાં આવતો નથી. પરંતુ ગ્રંથમાળાના નામનો પૂરક સંલેખ બનાવવામાં આવે છે.

ઘણી વખત ગ્રંથમાળાના નામની સાથે જ તેના સંપાદકનું નામ આપવામાં આવેલું હોય છે. આવા સંજોગોમાં ગ્રંથમાળાના નામની સાથે તેના સંપાદકના નામનો

ઉલ્લેખ કરવામાં આવે છે. પરંતુ બધા કિસ્સામાં સંપાદકના નામનો ઉલ્લેખ ન કરતાં માત્ર ગ્રંથમાળાના નામનો જ ઉલ્લેખ કરવામાં આવે છે.

### 4.2.2 ગ્રંથમાળાનું અંકન (Numbering of Series)

ગ્રંથમાળાઓ સામાન્યતઃ કોઈ એક વિષયવસ્તુ ઉપર ક્રમાનુસાર પ્રકાશિત કરવામાં આવે છે, અને સંખ્યાંકિત પણ હોય છે.

ગ્રંથમાળામાં આ સંખ્યાંકન બે પ્રકારે કરવામાં આવે છે.

(1) ગ્રંથમાળાનું ક્રમિક પ્રકાશન થાય છે અને તે દરેકનો ક્રમાંક આપવામાં આવે છે.

દા.ત. Amereican Mathematical Series; No.21

અર્થાત્ અહીં ઉપરોક્ત ગ્રંથમાળા (Series) અંતર્ગતના પ્રકાશનોને ક્રમાંક આપવામાં આવેલ છે.

(2) ગ્રંથમાળા અંતર્ગત જે વર્ષમાં પ્રકાશન થાય છે તે વર્ષ તેની સાથે આપવામાં આવે છે.

દા.ત. શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા; 2019

સામાન્યતઃ જ્યારે સ્મૃતિ વ્યાખ્યાન ગ્રંથમાળા હોય, ત્યારે તે ફક્ત વ્યાખ્યાનનું વર્ષ આપે છે. અત્રે "શ્રી ઉમાશંકર જોષી વ્યાખ્યાનમાળા" પ્રતિવર્ષ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની સ્મૃતિમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપક્રમે પ્રતિવર્ષ યોજવામાં આવે છે.

અને આ શીર્ષક હેઠળ વિવિધ

### 4.2.3 ગૌણ ગ્રંથમાળા (Sub-series)

ક્યારેક બે ગ્રંથમાળાઓના નામ એક સાથે જોવા મળે છે. આ સંજોગોમાં દ્વિતીય ગ્રંથમાળાને ગૌણ ગ્રંથમાળા કહેવામાં આવે છે. સામાન્યતઃ મુખ્ય ગ્રંથમાળા અંતર્ગત ગૌણ ગ્રંથમાળા હોય છે. ગૌણ ગ્રંથમાળા હંમેશાં મુખ્ય ગ્રંથમાળા દર્શાવ્યા બાદ જ દર્શાવવામાં આવે છે.

આવા કિસ્સામાં બંનેનાં અલગ-અલગ ISSN હોવાની પણ શક્યતા રહેલી છે. આવા કિસ્સામાં મુખ્ય ગ્રંથમાળાનો ISSN દર્શાવવામાં આવતો નથી પરંતુ ગૌણ ગ્રંથમાળાનો ISSN દર્શાવવામાં આવે છે.

દા.ત. કોઈ યુનિવર્સિટી દ્વારા કોઈ મુખ્ય ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશન કરવામાં આવતું હોય અને તેનું નામ યુનિવર્સિટીના નામથી ક્રમાનુસાર પ્રકાશિત કરવામાં આવતું હોય.

Hemchandracharya North Gujarat University Series, No.10

હવે ગ્રંથાલય વિજ્ઞાન વિષયક પ્રકાશનો યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવતા હોય અને તેને University Library Series અંતર્ગત પ્રકાશિત

કરવામાં આવતા હોય અને ગ્રંથાલય વિજ્ઞાનનું આ ત્રીજું પ્રકાશન હોય ત્યારે University Library Series, No. 3 નામથી પ્રકાશન થાય છે ત્યારે તેને ગૌણ-ગ્રંથમાળા Sub-series તરીકે ઓળખવામાં આવે છે.

### 4.2.4 ગ્રંથમાળા માહિતીની લેખન-પદ્ધતિ (Transcribing Series Information)

ગ્રંથમાળા સંબંધી માહિતી પ્રકાશનના કોઈપણ ભાગ ઉપરથી લઈ શકાય છે. સામાન્ય રીતે તે આખ્યાપૃષ્ઠના સામેના પૃષ્ઠ ઉપર અથવા આખ્યાપૃષ્ઠમાં સૌથી ઉપરના ભાગે પણ દર્શાવવામાં આવેલ હોય છે.

ગ્રંથમાળા વિભાગ મુખ્ય સંલેખમાં ભૌતિક વર્ણન બાદ નોંધવામાં આવે છે, જે પૂર્ણ વિરામ, ખાલી જગ્યા, આડી રેખા અને ખાલી જગ્યા પછી લખવામાં આવે છે. ગ્રંથમાળાને નાના કૌંસમાં દર્શાવવામાં આવે છે. કર્તૃત્વની જવાબદારી, જો કોઈ હોય તો ત્રાંસી રેખા (/) કર્યા બાદ દર્શાવવામાં આવે છે.

જો ગ્રંથમાળાની માહિતી જે તે પ્રકાશન સિવાય બહારથી લેવામાં આવી હોય તો તેને મોટા કૌંસમાં દર્શાવવામાં આવે છે.

પુસ્તકોમાં આંતરરાષ્ટ્રીય માનક અંક (ISBN: International Standard Book Number) આપવામા આવે છે તે જ પ્રમાણે ગ્રંથમાળા માટે પણ આંતરરાષ્ટ્રીય માનક ક્રમિક અંક (ISSN: International Standard Serial Number) કહેવામાં આવે છે.

આ ISSN ને ગ્રંથમાળાનું નામ નોંધ્યા બાદ દર્શાવવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

**1. ગ્રંથમાળા એટલે શું ? અને ગ્રંથમાળા માટે સંલેખ બનાવવાનો શો હેતુ છે ?**

**નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.**

**(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 4.3 ગ્રંથમાળાના ઉદાહરણો (Examples of Series)

**ઉદાહરણ -1**

ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન

વક્તા

મોહનલાલ પટેલ

સંપાદક

ડૉ. કનકબાળા જાની

આવકાર

પ્રોફે. બી. એ. પ્રજાપતિ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

2017

**અન્ય માહિતી :**

**(Other Information)**

| | |
|---|---|
| Call No. | : 891-47209 PAT |
| Accession No, | : 43215 |
| Pages | : x, 58 |
| Size | : 24 cm. |
| There is a series | : શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા, 2017 |

## મુખ્ય સંલેખ

## (Main Entry)

| | | |
|---|---|---|
| 891.470309<br>PAT | પટેલ, | મોહનલાલ |
| | | ટૂંકીવાર્તા : ઘડતર અને સર્જન / મોહનલાલ |
| | પટેલ; | કનકબાળા જાની સંપા. - પાટણ : હેમચંદ્રાચાર્ય |
| | ઉત્તર | ગુજરાત યુનિવર્સિટી, 2017 |
| | | x,58p.; 24 cm. (શ્રી મોહનલાલ પટેલ ભારતીય |
| | સાહિત્ય | વ્યાખ્યાનમાળા ;2017) |
| | | આવકાર : બી.એ. પ્રજાપતિ |
| 43215 | | 1. ગુજરાતી વાર્તા - વિવેચન, અર્થઘટન, |
| | વગેરે. I | જાની, કનકબાળા સંપા. II શીર્ષક, III ગ્રંથમાળા. |

## પૂરક સંલેખ - વિષય

## (Added Entry- Subject)

| | | |
|---|---|---|
| | | **ગુજરાતી વાર્તા - વિવેચન, અર્થઘટન વગેરે.** |
| 891.470309<br>PAT | પટેલ, | મોહનલાલ |
| | | ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન |
| | | (Rest as in the main entry) |

**પૂરક સંલેખ - સંપાદક**

**(Added Entry-Editor)**

| | | |
|---|---|---|
| | | જાની કનકબાળા સંપા. |
| 891.470309<br>PAT | પટેલ, મોહનલાલ | |
| | | ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન<br><br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - શીર્ષક**

**(Added Entry-Title)**

| | | |
|---|---|---|
| | | ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન |
| 891.470309<br>PAT | પટેલ, મોહનલાલ | |
| | | ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન<br><br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - ગ્રંથમાળા**

**(Added Entry-Series)**

| | | |
|---|---|---|
| | | શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા; 2017 |
| 891.470309<br>PAT | પટેલ, મોહનલાલ | |
| | | ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન<br>(Rest as in the main entry) |

અહીં આપણે જોઈ શકીએ છીએ કે આગળના પ્રકરણોના સંલેખોમાં જે તત્ત્વો હતા તેમાં ગ્રંથમાળા (Series)નું તત્ત્વ નવું ઉમેરાયું છે.

અહીં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પ્રતિવર્ષ "શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા"નું આયોજન કરવામાં આવે છે. સદર ગ્રંથમાળા અંતર્ગત વ્યાખ્યાનોને પ્રકાશિત કરવામાં આવે છે. વર્ષ 2017 માં વક્તા તરીકે મોહનલાલ પટેલ છે આથી તેમના નામનો મુખ્ય સંલેખ બનાવવામાં આવ્યો છે.

ગ્રંથમાળામાં ક્રમાંક આપવામાં આવેલ નથી પરંતુ વર્ષ 2017 આપવામાં આવ્યું છે તે દર્શાવ્યું છે.

ગ્રંથમાળાના નામનો પૂરક સંલેખ બનાવવામાં આવ્યો છે.

અહીં ગ્રંથમાળાની માહિતી અન્ય માહિતી (Other Information) અંતર્ગત આપવામાં આવી છે.

**ઉદાહરણ -2**

Guruvandana Granthsanskruti Vyakhyanmala; No.2.

Transformation of Libraries from Gutenberg to
Zuckerberg : An Overview

Prof. C.R. Karisiddappa

Hemchandracharya North Gujarat University
Patan
2018

**<u>Other Information</u> :**

| | | |
|---|---|---|
| Call No. | : | 020.9. KAR |
| Accession No. | : | 30212 |
| Pages | : | x. 52p. |
| Size | : | 24 cm. |
| ISBN | : | Not available |

મુખ્ય સંલેખ

**(Main Entry)**

| | | |
|---|---|---|
| 020.9. | | |
| KAR | KARISIDDAPPA, C.R. | |
| | | Transformation of libraries from Guntenberg to Zuckerberg : an overview / C.R. Karisiddappa.- Patan : Hemchandracharya North Gujarat University, 2018. |
| | | x, 52p; 24 cm.- (Guruvandana Granth Sanskruti Vyakhyanmala; No.2.) |
| 30212 | | 1. Libraries - History and Criticism. |
| | | I Title, II. Series |

પૂરક સંલેખ - વિષય

**(Added Entry- Subject)**

| | | |
|---|---|---|
| | | **LIBRARIES-HISTORY AND CRITICISM** |
| 020.9. | | |
| KAR | KARISIDDAPPA, C.R. | |
| | | Transformation of libraries from Gutenberg to Zuckerberg : an overview. |
| | | (Rest as in the main entry) |

## પૂરક સંલેખ - શીર્ષક

## (Added Entry- Title)

**Transformation of Libraries from Gutenberg to Zuckerberg.**

020.9.

KAR Karsiddappa, C.R.

Transformation of libraries from Gutenberg to Zuckerberg : an overview./ C.R. Karisiddappa.

(Rest as in the main entry)

## પૂરક સંલેખ - ગ્રંથમાળા

## (Added Entry- Series)

**Guruvandana Granth Sanskruti Vyakhyanmala**

020.9.

KAR Karsiddappa, C.R.

Transformation of libraries from Gutenberg to Zuckerberg : an overview./ C.R. Karisiddappa.

(Rest as in the main entry)

અહીં ગ્રંથમાળાનો ક્રમાંક આપવામાં આવ્યો છે. આથી તેને દર્શાવવામાં આવ્યો છે.

## તમારી પ્રગતિ ચકાસો

2. નીચે આપેલ ઉદાહરણનું સૂચિકરણ કરો. શીર્ષક પૃષ્ઠ તથા અન્ય માહિતી પૂરી પાડવામાં આવી છે.

નોંધ : (1) તમારી પોતાની નોંધપોથીમાં ઉત્તર દર્શાવો.

(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

શીર્ષક પૃષ્ઠ

The Chemistry of the Actinide

And

Transactinide Elements

Third Editioin

Edited by

Lester R. Morss

Springer

Dondrecht, Netherland

2006

**Other Information** :

| | | |
|---|---|---|
| Call No. | : | 546.7 CHE |
| Ace No. | : | 86838 |
| Page | : | Xii, 1245 |
| ISBN | : | 10-01-4020-3555-1 |
| Size | : | 26 cm. |

There is a published in "Chemical Society Series."

## 4.4 સંઘાત ગ્રંથો (Multi Volume Books)

સામાન્યતઃ પુસ્તકો એક ખંડમાં પ્રકાશિત કરવામાં આવે છે. પરંતુ જ્યારે વિષય-વસ્તુ એક યોગ્ય કદના ખંડમાં સમાવિષ્ટ ન થઈ શકે ત્યારે તેને એકથી વધુ ખંડોમાં (Volumes) પ્રકાશિત કરવામાં આવે છે.

AACR-2R માં આ વિશે વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે "અલગ-અલગ ભાગોની સંખ્યામાં અથવા મર્યાદિત સંખ્યામાં પૂર્ણ થવાના ઈરાદાવાળો પ્રબંધ (Monograph)"

સંઘાત ગ્રંથો (Multi Volume)નાં નીચે પ્રમાણેની વિવિધતા જોવા મળતી હોય છે.

- બધા જ ખંડો માટે સમાન શીર્ષક (Title)
- બધા જ ખંડો માટે અલગ અલગ શીર્ષક
- બધા ખંડો માટે સમાન શીર્ષક ઉપરાંત પ્રત્યેક ખંડ માટે પૃથક શીર્ષક
- બધા જ ખંડો માટે ક્રમશઃ પૃષ્ઠાંકન (સળંગ પૃષ્ઠ ક્રમાંક)
- બધા જ ખંડો માટે અલગ અલગ પૃષ્ઠાંકન (અલગ અલગ પૃષ્ઠ ક્રમાંક)
- બધા જ ખંડોનું પ્રકાશનવર્ષ એક જ હોય.
- બધા જ ખંડોનું પ્રકાશનવર્ષ અલગ અલગ પણ હોય.
- પ્રત્યેક ખંડના કર્તા એક અથવા અલગ અલગ પણ હોય.
- પ્રત્યેક ખંડના સંપાદક એક અથવા અલગ અલગ પણ હોય.

પ્રત્યેક ખંડ ક્રમાનુસાર પ્રકાશિત થાય તે પણ જરૂરી નથી. અર્થાત્ ખંડ-1 પછી ખંડ-2, ખંડ-3 પ્રકાશન થાય પણ ખરો અને ન પણ થાય. ખંડ-1ની પહેલાં ખંડ-2 પણ પ્રકાશિત કરી શકાય છે.

### 4.4.1 સંઘાત ગ્રંથોમાં વર્ણનાત્મક તત્ત્વ

### (Descriptive Element in Multi-Volumes)

અન્ય ગ્રંથોના પ્રકાશનોની જેમ જ સંઘાત-ગ્રંથોમાં મુખ્યનોંધો અને પૂરક નોંધો (Added Entries) ના નિયમો લાગુ (Main Entry) પડે છે. પરંતુ 4.8માં જણાવ્યા પ્રમાણે ભિન્નતા સંઘાત ગ્રંથો (Multi Volume)માં જોવા મળે છે. આ તત્ત્વોને નીચે પ્રમાણે નોંધવામાં આવે છે.

### 4.4.2 શીર્ષક (Title)

સામાન્ય રીતે સંઘાતગ્રંથોમાં બે પ્રકારના શીર્ષકો જોવા મળે છે.

(1) બધા જ ખંડો માટે સમાન શીર્ષક

(2) બધા જ ખંડો માટે સમાન શીર્ષક ઉપરાંત પ્રત્યેક ખંડ (Volume) માટે સ્વતંત્ર શીર્ષક.

જ્યારે સંઘાત ગ્રંથો (Multi Volumes) માં બધા જ ખંડો (Volume) માટે સમાન શીર્ષક ઉપરાંત પ્રત્યેક ખંડ (Volume) માટે સ્વતંત્ર શીર્ષક હોય ત્યારે ખંડોના શીર્ષકની વિગતોને અર્થાત્ વિષયવસ્તુને Content તરીકે નોંધ વિભાગમાં આપવી જોઈએ.

Encyclopedia opf Life Sciences,. 24 V. — સમાન શીર્ષક

V.1 Religious Philosophy of Mahatma Gandhi

V.2 Political Philosophy of Mahatma Gandhi

V.3 Economic Thoughts of Mahatma Gandhi

V.4 Perspectives on Gandhian Thought

V.5 Gandhian Education

### 4.4.3 પૃષ્ઠાંકન (Pagination)

જો મુદ્રિત પ્રબંધ (Monograph) એકથી વધુ ખંડોમાં (Volumes) હોય તો ભૌતિક વર્ણન વિભાગમાં ખંડોની સંખ્યાને આ પ્રમાણે નોંધવામાં આવે છે.

3V.

5V.

જો સંઘાત ગ્રંથો (Multi Volumes) માં પ્રત્યેક ખંડના પૃષ્ઠાંકન (Page Number) ક્રમશઃ આપવામાં આવેલા હોય તો ભૌતિક વર્ણન વિભાગમાં Volumes દર્શાવ્યા બાદ તેને નાના કૌંસમાં દર્શાવવામાં આવે છે.

3V. (xviii,. 102.5 p.)

5V. (xxvi, 4321 p.)

અહીં દરેક ખંડમાં જો પ્રારંભિક (Roman Number) પૃષ્ઠ સંખ્યા અલગ અલગ દર્શાવેલ હોય તો માત્ર પ્રથમ ખંડ (Volume)ની પ્રારંભિક પૃષ્ઠ સંખ્યા (Roman Number) અથવા Numertic Number માં હોય તો તે સંખ્યા જ માત્ર દર્શાવવી. અન્ય વોલ્યુમ્સની પ્રારંભિક પૃષ્ઠ સંખ્યાને ધ્યાનમાં લેવી નહિ.

જો પ્રત્યેક ખંડ (Volume) માટે સ્વતંત્ર પૃષ્ઠાંકન (Page Number) આપવામાં આવ્યા હોય તો તેને બે પ્રમાણે દર્શાવી શકાય.

3V

એટલે કે કોઈપણ વોલ્યુમની પૃષ્ઠ સંખ્યા દર્શાવવી નહીં, કારણ ઘણી વખત 2 કે તેથી પણ વધુ વોલ્યુમ્સમાં ગ્રંથો પ્રકાશિત થતા હોય છે અને દરેક વોલ્યુમને અલગ અલગ પૃષ્ઠ સંખ્યા (Page Number) આપવામાં આવેલા હોય છે ત્યારે પ્રત્યેક વોલ્યુમ્સની પૃષ્ઠ સંખ્યા દર્શાવવી શક્ય બનતી નથી.

3V. (xi, 425; xix 432; xxi, 537p.)

જો પ્રત્યેક વોલ્યુમ્સના અલગ અલગ Page Number આપેલા હોય તો તેને આ પ્રમાણે પણ દર્શાવી શકીએ છીએ.

### 4.4.4 પ્રકાશન વર્ષ (Date of Publication)

સંઘાત ગ્રંથો (Multi volumes) ના પ્રત્યેક ખંડનું પ્રકાશન એક જ (સમાન વર્ષમાં) થયું હોય તે જરૂરી નથી. અલગ અલગ ખંડો (Volumes) અલગ અલગ વર્ષોમાં પ્રકાશિત થયા હોય ત્યારે તેના પ્રથમ ખંડનું પ્રકાશન વર્ષ અને અંતિમ ખંડનું પ્રકાશન વર્ષ નોંધવું. 1975 થી 1985 ની વચ્ચે સંઘાત ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

પરંતુ જો બધા જ ખંડોનું પ્રકાશન પૂર્ણ ન થયું હોય ત્યારે માત્ર પ્રથમ ખંડના પ્રકાશન વર્ષને લેવામાં આવે છે. બાકીના પ્રકાશન વર્ષની વિગતો ખુલ્લી રાખવામાં આવે છે.

ઉ.દા. 1975 -

અર્થાત્ હજુ વધુ ખંડોનું પ્રકાશન બાકી છે.

### 4.4.5 ખંડોનું કદ (Size of Volumes)

ભૌતિક વર્ણન વિભાગમાં કદની (Size) નોંધ કરવામાં આવે છે.

જો સંઘાત સંપુટના ખંડો ઊંચાઈની દૃષ્ટિએ અસમાન હોય અને અસમાનતા 2 સે.મી. અથવા તેથી ઓછી હોય તો સૌથી વધુ માપ નોંધો. જો ઊંચાઈની અસમાનતા 2 સે.મી.થી વધુ હોય તો સૌથી નાનું માપ તથા સૌથી મોટું માપ નોંધો. બંને અલગ દર્શાવવા વચ્ચે આડી રેખા મૂકો, જેમ કે 22-26 સે.મી.

## 4.5 સંઘાત ગ્રંથોનાં ઉદાહરણ (Examples of Multi Volumes)

### ઉદાહરણ - 1

Encyclopedia of Life Sciences

John Wiley & Sons

John Wiley & Sons

Chichester

(England)

**<u>Other Information</u> :**

| | | |
|---|---|---|
| Call No. | : | 570.03 JOH |
| Accession No. | : | 87141- 87164 |
| Date of Publication | : | 2007 |
| Size | : | 28 cm. |
| ISBN | : | 876-0-470-06141-1. |

The book is in 24 volumes

There are various pagination.

### મુખ્ય સંલેખ

### (Main Entry)

| | | |
|---|---|---|
| 570.03<br>JOH | John | Wiley & Sons |
| 89141-64 | Wiley<br>Wiley<br><br><br><br>Encyc | Enoyclopadia of Life Sciences / John<br>& Sons. - Chichester (England) : John<br>& Sons, 2007<br><br>24v. ; 28 cm.<br>ISBN : 978-0-470-06141-1.<br>1.Life Sciences - Encyclopedias 2. Biology-<br>lopedias I., John Wiley & Sons.<br>◯ |

### પૂરક મુખ્ય સંલેખ

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| 570.03<br>JOH | John | **BIOLOGY- ENCYCLOPEDIAS**<br>Wiley & Sons |
| | | Enoyclopadia of Life Sciences.<br><br>(Rest as in the main entry)<br>◯ |

### પૂરક સંલેખ - વિષય

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| | | **LIFE SCIENCES - ENCYCLOPEDIAS** |
| 570.03<br>JOH | John, | Wiley & Sons |
| | | Enoyclopadia of Life Sciences.<br><br>(Rest as in the main entry) |

### પૂરક સંલેખ - લેખક

### (Added Entry - Author)

| | | |
|---|---|---|
| | | **John Wiley & Sons** |
| 570-03<br>JOH | John, | Wiley & Sons |
| | | Enoyclopadia of Life Sciences / John Wiley<br>.(Rest as in the main entry) |

ઉદાહરણ : ૨

**ENCYCLOPAEDIA OF GANDHIAN**

**THOUGHT**

Volume one

Religious Philosophy of Mahatma Gandhi

Edited by

R.K. Prachi

And

Archana Chaturvedi

Common Wealth Publishers

New Delhi

2018

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | 322.409203 ENC |
| Accession No. | : | 87431-35 |
| Pages | : | Various Pagination of each volume. |
| Size | : | 24 cm. |
| ISBN | : | 978-81-311-0177-3 |

There are Five Volumes. The book is in Five Volumes with the common title 'Encyclopaedia of Gandhian Thought. But Every Volume has separate title.

V.1. Religious Philosophy of Mahatma Gandhi V.2. Political Philosophy of Mahatma Gandhi. V.3. Economic thoughts of Mahatma Gandhi. V.4. Perspectives on Gandhian thought. V.5. Gandhian Education.

## મુખ્ય સંલેખ

## (Main Entry)

322.409203

ENC Encyclopadia of Gandhian thought/ Edited by

R.K. Pruthi and Archana Chaturvedi.- New
Delhi, Common Wealth Publishers, 2018.

5v ; 24 Cm.

ISBN : 978-81-311-0177-3

Contents : V.1. Religious Philosophy of Mahatma Gandhi V.2. Political Philosophy of Mahatma Gandhi V.3. Economic thoughts of Mahatma Gandhi V.4. Perspectives on Gandhian thought. V.5. Gandhian Education.

87431-35 1.Gandhi, M.K.-Biography I. Pruthi, R.K.Ed.
II. Chaturvedi, Archana ed.

## પૂરક સંલેખ - વિષય

## (Added Entry- Subject)

**M.K. Gandhi - Biography**

322.409203

ENC Encyclopadia of Gandhian Thought/ Edited by

R.K. Pruthi and Archana Chaturvedi-New Delhi

(Rest as in the main entry)

પૂરક સંલેખ - સંપાદક

**(Added Entry- Editor)**

| | | |
|---|---|---|
| | | **Pruthi - R. K. Ed** |
| 322.409203 ENC | | Encyclopadia of Gandhian Edited by |
| | | R.K. Pruthi and Archana Chaturvedi- New Delhi. |
| | | (Rest as in the main entry) |

પૂરક સંલેખ - સંપાદક

**(Added Entry- Editor)**

| | | |
|---|---|---|
| | | **Chaturvedi, Archana Ed.** |
| 322.409203 ENC | | Encyclopadia of Gandhian Thought/ |
| | | (Rest as in the main entry) |

**તમારી પ્રગતિ ચકાસો**

(3) જો સંગાત ગ્રંથ સંપૂટના પૃષ્ઠાંકનમાં સાતત્ય ન હોય તો પૃષ્ઠાંકન કઈ રીતે નોંધશો.

(4) જો સંગાત ખંડોનું પ્રકાશન ભિન્ન ભિન્ન વર્ષમાં થયું હોય તો તમે પ્રકાશન વર્ષ કેવી રીતે લખવું

(5) શીર્ષક પૃષ્ઠ તથા આપવામાં આવેલ અન્ય માહિતીના આધારે નીચે આપેલા ઉદાહરણનું સૂચિકરણ કરો.

નોંધ :- (1) તમારી નોંધપોથીમાં ઉત્તર દર્શાવો.

(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

શીર્ષક પૃષ્ઠ

Encyclopedia of Asian American
Issues Today

Edited by
Grace J. Yoo

Greenwood Press
California
2009

**Other Information** :

Call No. : 305.895073 ENC

Acc. No. : 73215, 73216

Size : 26 cm.

Page : V.1. 1205 ; V.2. 721

ISBN : 978-0-313-34749-8

Second Volume Published in 2012.

## 4.6 સારાંશ (Summary)

આ એકમમાં બે પ્રકારના પ્રકાશનોનો સમાવેશ કર્યો છે. (i) ગ્રંથમાળા (ii) સંઘાત ગ્રંથો. ગ્રંથમાળા અંતર્ગત ગ્રંથમાળા, ગૌણ ગ્રંથમાળા, કર્તૃત્વની જવાબદારીનું કથન, ગ્રંથમાળા સંબંધી આંતરરાષ્ટ્રીય માનક ક્રમિક અંક (ISSN), ગ્રંથમાળાના અંકોને દર્શાવવાની અને તે માટે ઉપયોગમાં લેવાતા વિરામચિહ્નોની સમજ આપવામાં આવી છે. આ માટે ઉદાહરણો પણ આપ્યાં છે, જેથી સરળતાથી સમજી શકાય.

સંઘાત અથવા બહુખંડોવાળું પુસ્તક એક સામાન્ય પ્રકાશન છે. AACR-2Rમાં આ સંબંધી વિવિધ નિયમો આપવામાં આવેલા છે. આ નિયમોના માધ્યમથી વિવિધ ઉદાહરણો દ્વારા તેને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંઘાત ગ્રંથોમાં વિશેષ કરીને જોવા મળતી બાબતો જેમ કે પ્રકાશન વર્ષ, ખંડોનું પૃષ્ઠાંકન, ખંડોનું કદ તથા ખંડોના પોતાનાં શીર્ષકો વિષયક બાબતોને ઉજાગર કરવામાં આવી છે.

## 4.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (Answers to self cheek Exercises)

(1) કેટલાંક પ્રબંધો (Monographs) એક સંયુક્ત શીર્ષક હેઠળ ઉત્તરોત્તર પ્રકાશિત થાય છે, કે જે વિષય અથવા સ્વરૂપથી એકબીજા સાથે સંકળાયેલા હોય છે. આવા પ્રકાશનોને ગ્રંથમાળા તરીકે ઓળખવામાં આવે છે.

ગ્રંથમાળા માટે સંલેખ બનાવવાનો ઉદ્દેશ તે ગ્રંથમાળાના નામ હેઠળ પ્રકાશિત બધા જ પ્રબંધો (Monographs) એક મથાળા હેઠળ લાવવાનો છે. તેનાથી ગ્રંથાલયમાંથી કોઈ એક ગ્રંથમાળા હેઠળનાં પ્રાપ્ય પુસ્તકોની માહિતી સંબંધી ઉત્તર આપવામાં આવે છે.

**(2) વિવિધ સંલેખો છે :**

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| 546.7<br>CHE | The Chemistry of the actinide and | |
| | transacfinide elements/edited by Lesterr<br>R Morss.- 3rd ed. - Dondrecht (Netherland):<br>Springer, 2006. | |
| | | xii, 1245 p.; 26 cm. (Chemical Society Series) |
| 86838 | | 1. Chemistry I. Morss, Lester R.Ed. |
| | | ○ |

## પૂરક સંલેખ - વિષય

## (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| | | **CHEMISTRY** |
| 546.7<br>CHE | The Chemistry of the actinide and | |
| | | transacfinide elements/edited by |
| | | (Rest as in the main entry) |

## પૂરક સંલેખન - સંપાદક

## (Added Entry - Editor)

| | | |
|---|---|---|
| 546.7 | | **Morss, Lester R ed.** |
| CHE | The Chemistry of the actinide and | |
| | | transacfinide elements. |
| | | (Rest as in the main entry) |

## પૂરક સંલેખ - ગ્રંથમાળા

## (Added Entry - Series)

| | | |
|---|---|---|
| 546.7 | | **Chemical Society Series** |
| CHE | The Chemistry of the actinide and transacfinide elements. | |
| | | (Rest as in the main entry) |

(3) તેને બે રીતે આપી શકાય છે :

(i) ફક્ત ખંડોની સંખ્યા દર્શાવો. ઉદાહરણ તરીકે 3V. અથવા વૈકલ્પિક રીતે

(ii) પ્રત્યેક ખંડના પૃષ્ઠોને નાના કૌંસમાં આપી શકાય છે.

ઉદાહરણ તરીકે

3V (xi, 215; xvi, 525; xvii, 721)

(4) જો ખ્યાલ હોય કે સંઘાત સંપુટનું પ્રકાશન પૂર્ણ છે તો તેના ખંડો પૈકી કોઈ એક ખંડનું પ્રથમ પ્રકાશન વર્ષ તથા અંતિમ પ્રકાશન વર્ષ નોંધો. બંને વચ્ચે આડી રેખા મૂકો.

ઉદાહરણ તરીકે 1970-1990. જો સંપુટ પૂર્ણ ન હોય તો વર્ષને ખુલ્લું રાખો.જેમ કે 1970 –

(5) સંલેખો છે :

**મુખ્ય સંલેખ**

**(Main Entry)**

| | | |
|---|---|---|
| 305.895073 | | |
| ENC | Enclopedia of Asian American issues | |
| | | today / edited by Grace J. Yoo.- California : Greenwood Press, 2009-2012. |
| | | 2v (1205; 721p.) ; 26 cm. |
| | | ISBN 978-0-313-34749-8 |
| 73215-16 | | 1. Asian American-Encyclopedias., I. Yoo, |
| | Grace | J. Ed. |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Subject)**

| | | |
|---|---|---|
| 305.895073 | | **ASIAN AMERICAN-ENCYCLOPEDIA** |
| ENC | Enclopedia of Asian American issues | |
| | | today |
| | | (Rest as in the main entry) |

**પૂરક સંલેખ - સંપાદક**

**(Added Editor)**

| | | |
|---|---|---|
| 305.895073<br>ENC | | **Yoo, Grace J. Ed.**<br>Enclopedia of Asian American issues<br>today /<br><br>(Rest as in the main entry) |

## 4.8 ચાવીરૂપ શબ્દો (Key words)

**આખ્યા પૃષ્ઠની સામેનું પૃષ્ઠ (Flyleaf)** : કોઈ પુસ્તકના પ્રારંભ અથવા અંતમાં એક ખાલી પાનું પ્રસ્તુત કિસ્સામાં પુસ્તકના પ્રારંભમાં છે.

**ગૌણ ગ્રંથમાળા (Sub-series)** : કોઈ ગ્રંથમાળા અંતર્ગત એક અન્ય ગ્રંથમાળા કે જે અન્ય કોઈ અધિક વ્યાપક ગ્રંથમાળાની સાથે સંયુક્ત રીતે પ્રગટ થતી હોય.

**ગ્રંથમાળા (Series)** : સ્વતંત્ર રીતે પ્રકાશિત પરંતુ પરસ્પર સંકળાયેલાં પુસ્તકોની પોતાની આગવી આખ્યા હોવા જ સાથે સમગ્ર સમૂહને લાગુ પડતી એક સંયુક્ત આખ્યા પણ હોય.

**બહુભાગ(Multi-part)** : બહુભાગોમાં પ્રકાશિત એક પ્રબંધ કે જે પૂર્ણ હોય અથવા ચોક્કસ સંખ્યામાં પૂર્ણ થવાનો હોય તથા બહુભાગો માટે તેનું નામ સમાન હોય.

**સામાન્ય - સજાતીય (Generic)** : સંપૂર્ણ પ્રકાશનને લાગુ પડતું એક સમાન શીર્ષક

## 4.9 સંદર્ભો અને વિશેષ વાંચન (References and Further Reading)

(1) Anglo American Cataloguing Rules (1988). 2nd rev. ed. Ottawa: Canadian Library Association Chapter 1 and 2.

(2) ભારતીય કિરીટ (2006). AACRZR સૂચિકરણ પ્રાયોગિક. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

• • •